કિંમતોમાં વધારાને ટાળવા પેટ્રોલ ઉપર એકસાઈઝ ડ્યુટીમાં ઘટાડો થઈ શકે છે

નવી દિલ્હી,તા. ૫

મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો માટે સારા સમાચાર છે. મળેલી માહિતી મુજબ સરકાર સામાન્ય લોકો ઉપર વધુ બોજ ઝીંકવા ઇચ્છુક નથી. કિંમતોમાં વધારાને ટાળવા હેતુસર સરકાર પેટ્રોલ ઉપર એકસાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરી શકે છે. ઓઈલ કંપનીઓના અંડર રિકવરી બોજને ઘટાડવાના હેતુસર એકસાઈઝ ડ્યુટીમાં કાપ મુકવામાં આવી શકે છે. નાણામંત્રાલયે આ અંગે ઓઈલ કંપનીઓને સંકેત પણ આપી દીધો છે. સરકાર પેટ્રોલની કિંમતમાં ભાવ વધારો ઝીકી લોકો અને તેના ઘટકપક્ષોની નારાજગીનો સામનો કરવા ઇચ્છતી નથી. આ હિલચાલથી સામાન્ય લોકો ઉપર વધારે બોજ ઝીકાશે નહીં. વિશ્વસનિય સૂત્રોએ કહ્યું છે કે મંત્રાલય ડ્યુટીમાં ઘટાડો કરવા ઓઈલ મંત્રાલય તરફથી મળેલી દરખાસ્ત પર સકીયપણે વિચારણા કરી રહ્યું છે. હાલમાં સરકાર પેટ્રોલ પર લીટર દીઠ ૧૪.૪૫ની એકસાઈડ ડ્યુટી લાગુ કરેલી છે. ઓઈલ કંપનીઓને આંતરરાષ્ટ્રીય કિંમત કરતા ઓછી કિમતે ઓટો ફ્યુઅલના વેચાણ કરવાના કારણે લીટરદીઠ રૂપિયા ૯નું નુકશાન થઈ રહ્યું છે. છેલ્લે સરકારે વર્ષ ૨૦૦૮માં પેટ્રોલ ઉપર એકસાઈઝ ડ્યુટી ઘટાડી હતી. એ વખ્તે આંતરરાષ્ટ્રીય ક્રુડની કિમત ૧૩૫ ડોલરની સપાટીએ પહોંચી ગઈ હતી. ડ્યુટીમાં ઘટાડો એક વખતે લીટરદીઠ રૂપિયા ૧ કરવામાં આવ્યો હતો. જો કે વર્ષ ૨૦૧૦-૧૧ના બજેટમાં આ રેટ ફરી વધારી દેવામાં આવ્યો હતો. રૂપિયા એકના

ઘટાડાથી ઓઈલ કંપનીઓને ૮ હજાર કરોડની અંડર રિકવરીને રિકવર કરવામાં મદદ મળી શકે છે. એકસાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરવા સહમતી દર્શાવી નાણા મંત્રાલય આ વર્ષની શરૂઆતમાં આ દિશામાં આગળ વધી શકે છે. રાજકીય સ્થિતિ હાલમાં ખૂબ જ જટલ બનેલી છે. સરકાર મે મહિનામાં ફાઈનાન્સ બીલને પસાર કરવા વિચારી રહી છે. પેટ્રોલ અથવા ડીઝલની કિમતોમાં કોઈપણ વધારો ઝીંકતા પહેલા ફાઈનાન્સ બીલ પસાર કરવાની તેની યોજના છે. નાણા મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા જણાવ્યું છે કે સરકાર આ વર્ષે જુન સુધી મોટર ફ્યુઅલ કિમતોને અંકુશમુક્ત કરવાની દિશામાં આગળ વધી શકે છે. સબસીડી બીલ રેકોર્ડ ગતિએ આગળ વધી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય ક્રુડ કિમતો ઈરાનની પરમાણું મડાગાઠના પરિણામ સ્વરૂપે મુશ્કેલરૂપ બનેલી છે. એકસાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરવાની હિલચાલને લઈને સામાન્ય લોકોમાં નવી આશા જાગી છે. મોંઘવારીથી સામાન્ય લોકો પરેશાન થયા છે. તમામ જીવન જરૂરી ચીજ વસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે. પેટ્રોલ અને ડીઝલની કિમતમાં ટૂંક સમયમાં જ વધારો કરવામાં આવશે તેવી હિલચાલથી સામાન્ય લોકોમાં ચિંતા પ્રવર્તિ રહી છે. સરકાર પેટ્રોલ ઉપર એકસાઈઝ ડ્યુટીમાં ઘટાડો ક્યારે કરશે તે અંગે જાણવા મળ્યું નથી પરંતુ સરકારને વહેલી તકે નિર્ણય લેવો પડશે. કારણ કે પેટ્રોલિયમ કંપનીઓ સરકાર પર ભાવ વધારા માટે દબાણ લાવી રહી છે. આવી સ્થિતિમાં સરકાર પણ મુશ્કેલીમાં ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં કોંગ્રેસની હાર થયા બાદ તે વધુ જોખમ લેવા ઈચ્છતી નથી. પેટ્રોલ ડીઝલની કિમતમાં વધારો કરવાથી યુપીએના ઘટકપક્ષો સરકારને મુશ્કેલીમાં મુકી શકે છે જેમાં તુણમુળ કોંગ્રેસનો સમાવેશ થાય છે.

સાંભળો, હવે તો સરકાર પાણીના મીટર લગાવવાની છે, અત્યારથી જ પાણીનો બગાડ બંધ કરો...

ઉત્તરપ્રદેશ ચૂંટણીમાં હારનાં કારણોથી કોંગ્રેસ ભારે હતાશ

નવી દિલ્હી,તા.૫

ઉત્તરપ્રદેશ વિધાનસભાના તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં કારમી હાર થયા બાદ કોંગ્રેસ પાર્ટી દ્વારા હવે હારના કારણો જાણવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. આગામી બે દિવસમાં રાહુલ ગાંધી રાજ્યના નેતાઓ અને અન્યોને મળશે. ઉત્તરપ્રદેશમાં ચૂંટણી પ્રક્રિયામાં સામેલ થયેલા નેતાઓને મળવા અને ભાવી યોજનાઓ ઘડી કાઢવાના ભાગ રૂપે આ મિટિંગ મળનાર છે. આવતીકાલે પણ મહત્વપૂર્ણ મિટીંગનો દોર જારી રહેશે. હારના કારણોની આવતીકાલે થનારી સમીક્ષામાં ટોંચના નેતાઓ હાજરી આપનાર છે. મળેલી માહિતી મુજબ ઉત્તરપ્રદેશમાં કારમી હાર બદલ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓને ઠપકો આપવામાં આવે તેવી શક્યતા છે. એઆઈસીસીના જનરલ સેક્રેટરી દિગ્વિજયસિંહ, કેન્દ્રીય પ્રધાનો સલમાન ખુરશીદ, બેનીપ્રસાદ વર્મા અને શ્રી પ્રકાશ જયસ્વાલની જોરદાર ટિકા કરવામાં આવે તેવી શક્યતા છે. કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં જીત મેળવવા માટે ખૂબ જ મહેનત કરી હતી પરંતુ કોંગ્રેસને ખૂબ જ નબળા

પરિણામ મળ્યા છે. પોસ્ટમોર્ટમ મિટિંગમાં હારના કારણો ઉપર ચર્ચા થશે. મુસ્મિલ કોટો, બાટલા હાઉસ, રાષ્ટ્રપતિ સાશન, સહિતના મુદ્દાઓ ઉપર આમા ચર્ચા થશે. રાહુલ ગાંધી ૨૦ હજારથી વધુ મત મેળવનાર ઉમેદવારો , નવા ચૂટાયેલા ધારા સભ્યો અને રાજ્યના સાંસદોને મળશે. વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણીને લઈને પહેલાથી જ તૈયારીના ભાગરૂપે આને જોવામાં આવે છે. સૂત્રોએ કહ્યું છે કે આ મિટિંગમાં મળનારા ફિડબેકના આધાર ઉપર ભાવિ રણનિતિ તૈયાર કરવામાં આવશે. આગામી મહિનામાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી પણ યોજાનાર છે જેને ધ્યાનમાં લઇને કોંગ્રેસે પહેલાથી તૈયારીઓ શરૂ કરી દીધી છે. જો કે વિધાનસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતરેલા ઉમેદવારોના પાસા ઉપર મુખ્ય રીતે ચર્ચા થશે. ઉત્તરપ્રદેશ ચૂંટણીમાં હારના કારણોને લઈને મુખ્ય ચર્ચા થશે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ દ્વારા જોરદાર પ્રચાર છતાં ચૂંટણીમાં હાર થઈ હતી.

ઈએફપીઓ ૮.૬ ટકા વ્યાજદર આપે તેવી શકયતા

નવી દિલ્હી,તા. ૫

વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માટે ૧.૨૫ ટકા સુધી થાપણો ઉપર વ્યાજદરને ઘટાડી દેવા બદલ ટીકા ટિપ્પણની સામનો કરી રહેલી રિટાયરમેન્ટ ફંડ સંસ્થા ઈપીએફઓ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે ૮.૬ ટકાનો વ્યાજદર આપે તેવી શકયતા છે. આનાથી પાચં કરોડ લોકોને સીધો ફાયદો થશે. આ નાણાકીય વર્ષ માટે વ્યાજદર વધારીને ૮.૬ ટકા કરી શકે છે.ગયા મહિને એમ્પલોઈજ પ્રોવિડન્ડ ફંડ ઓર્ગેનાઈજેશન (ઈપીએફઓ)એ વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માટે વ્યાજદર ઘટાડીને ૮.૨૫ ટકા કરી દીધો હતો જે વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં ૯.૫ ટકા હતો. ઈપીએફઓ દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યા બાદથી સામાન્ય લોકો દ્વારા તેની વ્યાપક ટીકા કરવામાં આવી રહી હતી. ટીકા ટિપ્પણી બાદઈપીએફઓ હવે કરોડો લોકોને રાહત આપવાના હેતુસર વ્યાજદર ૮.૬ ટકા કરી શકે છે. આ ઘટના ક્રમ ઉપર નજર રાખી રહેલા નજીકના સૂત્રોએ કહ્યુ છે કે ઈપીએફઓ પ્રોવિડન્ડ ફંડની થાપણો ઉપર ૮.૬ ટકા રિટન આપવાની યોજના ધરાવે છે. આવકના અંદાજ ઉપર ગણતરી કરવામાં આવી રહી છે. સૂત્રોએ વધુમાં કહ્યુ છે કે ઈપીએફઓની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી (સીબીટી) આગળના મહિનામા મળનાર છે જેમાં મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવી શકે છે. શ્રમ પ્રધાનના નેતૃત્વમાં સીબીટીની મીટિંગ ઉપર તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. સૂત્રોએ કહ્યુ છે કે ઈપીએફઓ વર્તમાન નાણાકીય વર્ષમાં ઉચા રિટન આપી શકે છે કારણ કે સરકારે સ્પેશિયલ ડિપોઝીટ સ્કીમ ઉપર વ્યાજદરમા વધારો કર્યો છે. વ્યાજદર આઠ ટકાથી વધારી ને ૮.૬ ટકા કરવામા આવ્યો છે જે પહેલી ડિસેમ્બર ૨૦૧૧થી અમલમાં છે. ઈપીએફઓ દ્વારા આ સ્કીમમાં ૫૫૦૦૦ કરોડ રૂપિયા રોકી લીધા છે. પહેલી જુલાઈ ૧૯૭૫ના દિવસે કેન્દ્ર સરકાર દ્વારા આ સ્કીમ શરૂ કરવામાં આવી હતી. બિન સરકારી પ્રોવિડન્ડ ફંડ અને અન્ય આવા ફંડને વધુ સારા રિટન આપવા પહેલી જુલાઈ ૧૯૭૫ના દિવસે કેન્દ્ર સરકાર દ્વારા આ સ્કીમ શરૂ કરવામાં આવી હતી. ઈપીએફઓ ૮.૫ ટકાથી ઉપરના વ્યાજદરને જાળવી રાખવામાં મુશ્કેલી અનુભવી રહી હતી. કારણ કે એસડીએસમાં મૂડી રોકાણ પર વ્યાજદર ઓછો હતો પરંતુ ત્યાર બાદ થી આવક વધી છે જેથી ૮.૫ ટકાથી ઉપર વ્યાજદર આપી શકાય છે. સૂત્રોનુ કહેવુ છે કે ઈપીએફઓ દ્વારા કરવામા આવતા અન્ય રોકાણને ફંડ મેનેજરોદ્વારા મેનેજ કરવામાં આવે છે. અગાઉની સીબીટીની મીટિંગ દરમિયાન યૂનિયનોએ પબ્લિક પ્રોવિડન્ડ પંડ સાથે ઈપીએફઓના વ્યાજદરને મેચ કરવાની માંગણી કરી હતી. સરકારે ગયા મહિનામાં જ પીપીએફનો રેટ ૮.૬ ટકાથી વધારીને ૮.૮ ટકા કર્યો હતો.

ઈએફપીઓ રાહત આપશે

- ઈપીએફઓ વ્યાજદરને વધારીને ૮.૬ ટકા કરવા ઇચ્છુક
- પાંચ કરોડ કર્મીઓને સીધી રીતે ફાયદો થશે
- ઈપીએફઓ દ્વારા વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં વ્યાજદર ઘટાડીને ૮.૨૫ ટકા કરાતા જોરદાર વિરોધ થયો હતો
- ૨૦૧૦-૨૦૧૧માં વ્યાજદર ૯.૫ ટકા હતો
- ઈપીએફઓ દ્વારા આવકના અંદાજની ગણતરી શરૂ કરાઈ
- ઈપીએફઓની સર્વોચ્ચ સંસ્થા સીબીટીની આગામી મહિનામાં મીટિંગ મળશે
- સ્પેશિયલ ડિપોઝિટ સ્કીમ (એસડીએસ) પર વ્યાજદર વધારાતા સરકારને આવક વધી છે
- આ સ્કીમમાં ઈપીએફઓ દ્વારા ૫૫૦૦૦ કરોડ મૂકવામાં આવ્યા છે
- પહેલી જુલાઈ ૧૯૭૫ના દિવસે કેન્દ્ર સરકાર દ્વારા સ્પેશિયલ ડિપોઝીટ સ્કીમ લોંચ કરાઈ હતી
- ઈપીએફઓ હવે ૮.૫ ટકાથી વધુ વ્યાજદર આપવાની સ્થિતિમાં છે
- સરકારે ગયા મહિનામા જ પીપીએફ રેટને ૮.૬ ટકાથી વધારીને ૮.૮ ટકા કર્યો હતો
- ઈપીએફઓ દ્વારા કરાતા રોકાણને ફંડ મેનેજરો મેનેજ કરે છે

ઝારખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કોડાને અંતે જામીન મળી ગયા

રાંચી,તા. ૫

ઝારખંડ હાઈકોર્ટે ગેરકાયદે મૂડી રોકાણ અને હવાલા લેવડદેવડ કેસના સંબંધમાં બે વર્ષથી વધુ સમયથી જેલમાં રહેલા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી મધુકોડાને આખરે જામીન આપી દીધા હતા. ૩૦મી નવેમ્બર ૨૦૦૯ બાદથી મધુકોડા જ્યુડીશિય કસ્ટડીમાં હતા. હાઈકોર્ટની સિંગલ બેંચે મધુકોડાને જામીન આપી દીધા હતા. એચસી મિશ્રાની સિંગલ બેંચે આ આદેશ આપ્યા બાદ મધુકોડાને લાંબા ગાળા બાદ રાહત થી છે. ૨૦૦૬ અને ૨૦૦૮ વચ્ચેના ગાળામાં ઝારખંડના મુખ્યમંત્રી રહેલા મધુકોડાની ઝારખંડ વિજિલન્સ બ્યુરોના અધિકારીઓ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી હતી. તેમની છાઈબાસામાંથી ધરપકડ કરાઈ હતી. ૬૯ સ્થળો પર ઈન્કટેક્સ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા વ્યાપક દરોડા પાડવામા આવ્યા બાદ કોડાની ધરપકડ કરી લેવામા આવી હતી. આઈટીએ આક્ષેપ કર્યો હતો કે ગેરકાયદે મૂડીરોકાણ અને હવાલા લેવડદેવડ સાથે સંબંધિત દસ્તાવેજો ૨૫૦૦ કરોડ રૂપિયાના છે. કોડા અને તેમના સાથીઓના આવાસ અને ઓફિસો પર દરોડા પડાયા બાદ મોટા પ્રમાણમાં દસ્તાવેજો જબ્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદા કોડા સામે કાર્યવાહી શરૂ થઈ હતી. મોડેથી આ મામલો સીબીઆઈને સોંપી દેવામાં આવ્યો હતો. સીબીઆઈની સાથે સાથે ઇડી દ્વારા પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. કોડા સામે આક્ષેપ કરાયો હતોકે તેઓએ ગેરકાયદે રોકાણ કર્યુ હતુ મુખ્યમંત્રી તરીકેના તેમના ૨૩ મહિનાના ગાળા દરમિયાન અન્યોની સાથે મળીને હવાલા લેવડદેવડમાં પણ કોડાની સંડોવણી હતી. કોડા સ્વંતંત્ર ધારાસભ્ય તરીકે હતા. તેમના પરિણામ સ્વરૂપે યૂપીએ સરકાર આવી ગઈ હતી. તેમના સાથી વિનોદ સિંહા, વિકાસ સિંહા અને અન્ય ત્રણ આ કેસના સંબંધમાં વધુ પણ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. મધુ કોડાને મોટી રહાત મળી ગઈ છે. જામીન મળી જતા તેઓ ફરી સક્રિય થાય તેવા શકયતા છે.

ઉડ્ડયન ક્ષેત્રે એફડીઆઈ અંગે ટૂંકમાં નિર્ણય કરાશે

નવી દિલ્હી,તા. ૫

સરકારે આજે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે ભારતીય કેરિયર્સમાં હિસ્સેદારી મેળવવા માટે વિદેશી એરલાઈન્સોને મંજૂરી આપવાના મુદ્દા ઉપર ટૂંક સમયમાં જ નિર્ણય લેવામાં આવશે. વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન આનંદ શર્માએ હિરોમાઈન્ડ માઈન સમીટના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે નાણામંત્રી પ્રણબ મુખર્જી અને ઉડ્ડયન પ્રધાન અજીત સિંહ સાથે તેમની વાતચીત થઈ છે. ટુંકમાં જ આ અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે. તેમણે ઉમેર્યુ હતુ કે ઉડ્ડયન ઉદ્યોગ રોકડ કટોકટીમાં દ્રશ્ત છે. ૧૭મી જાન્યુઆરીના દિવસે સરકારે ઈન્ડિયન કેરિયર્સમાં ૪૯ ટકા હિસ્સો મેળવવા વિદેશી એરલાઈન્સોને મંજૂરી આપવાની પ્રક્રિયા લોંચ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રણબ મુખર્જી અને અજીત સિંહ વચ્ચે મીટિંગમાં આ નિર્ણય લેવાયો હતો. નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા આ મામલે કેબિનેટ નોંધ તૈયાર કરી લેવામાં આવી છે અગાઉ વિદેશી એરલાઈન્સોને ઈન્ડિયન કેરિયર્સમાં રોકાણ કરવાની મંજૂરી અપાઈ ન હતી. અલબત્ત વિદેશી સીધા મૂડીરોકાણને ૪૯ ટકા સુધી કરવાનો નિર્ણય કરાયો હતો પરંતુ વિદેશી એરલાઈન્સોને મંજૂરી અપાઈ ન હતી. ઈન્ડિયન કેરિયર્સમાં વિદેશી એરલાઈન્સોને હિસ્સો મેળવવાની મંજૂરી આપવાનો મામલો ખૂબ જ સંવેદનશીલ છે. આ પોલીસીની દ્રષ્ટિએ મોટો નિર્ણય સાબિત થઈ શકે છે વર્ષ ૨૦૧૨ ૨૦૧૩ના બજેટમા પ્રણબ મુખર્જીએ ઉડ્ડયન સેક્ટરમાં નવા પ્રાણ ફુંકવાના હેતુસર ઈસીડીમાં એક અબજ ડોલર સુધી રોકાણ કરવા ઉડ્ડય કંપનીઓને મંજૂરી આપી હતી.

કોલસા બ્લોકની હરાજી પ્રક્રિયા જૂનમાં શરૂ કરવા માટે તૈયારી

નવી દિલ્હી,તા. ૫

ખાણની ફાળવણીના કારણે તિજોરીને અભૂતપૂર્વ નુકસાન થયુ હતુ તેવા કેગના અહેવાલ બાદ ભારે હોબાળો મચી ગયો હતો અને સરકારને જવાબ આપવા પણ તકલીફ થઈ હતી. હવે સરકારે કહ્યુ છે કે તે કોલસાના બ્લોકની યાદી સાથે સંપૂર્ણ પણે તૈયાર છે. કોલસાના બ્લોકની હરાજીની પ્રક્રિયા જૂન મહિનામાં શરૂ થશે. કોલસા પ્રધાન શ્રીપ્રકાશ જયસ્વાલે આજે આ સંબંધમા માહિતી આપતા કહ્યુ હતુ કે ૫૪ કોલસાના બ્લોકને ઓળખી કાઢવા અગેની પ્રક્રિયા પરિપૂર્ણ થઈ ચુકી છે. બીડિંગ પ્રક્રિયા આ વર્ષના પ્રથમ છહ મહિનાના ગાળામાં શરૂ થશે. તેમણે ઉમેર્યુ હતુ કે સરકાર એનટીપીસી અને રાજ્યની અન્યકંપનીઓને ફાળવામા આવનાર બ્લોકની યાદી તૈયાર કરી ચૂકી છે. સરકાર ૫૪ કોલસાના બ્લોકની ઓળખ વિધીની પ્રક્રિયા પૂર્ણ કરી ચૂકી છે. જયસ્વાલના આ નિવેદનને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે કમ્પટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)ના પ્રાથમિક અહેવાલમાં અંદાજ મુકવામાં આવ્યો હતો કે સરકારને વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૯ વચ્ચે હરાજી વગર ૧૫૫ કોલસાના બ્લોકની ફાળવણી કરવાના કારણે ૧૦.૬૭ લાખ કરોડનુ નુકસાન થયુ હતુ. ખાનગી અને જાહેર ક્ષેત્રની કંપનીઓને હરાજી વગર કોલસાના બ્લોકની ફાળવણી કરવામાં આવી હતી. કેગના આ અહેવાલ બાદ સમગ્ર સરકાર હચમચી ઉઠી હતી. જયસ્વાલે હરાજી વગર કોલસાના બ્લોકની ફાળવણી અંગેના અહેવાલોને રદિયો આપ્યો છે. તેમણે કહ્યુ છે કેઆ અહેવાલ ગેરકાયદે અને પાયા વગરના છે. તેમણે દલીલ કરી હતી કે ખાનગી અને જાહેર ક્ષેત્રની કંપનીઓને તેમના કેપ્ટીવ ઉપયોગ માટે આ બ્લોક આપવામા આવ્યા હતા. કોલસા માટે વધારે માંગ ન હતી. કેગના અહેવાલ બાદ સરકારને અનેક વખત ખુલાસો કરવાની ફરજ પડી હતી. આ ભ્રષ્ટાચારના મામલે સરકારને સંસદમા નારાજગીનો સામનો કરવો પડયો હતો. ભાજપ સહિતના વિરોધ પક્ષોએ જયસ્વાલની હકાલપટ્ટી કરવાની માંગ કરીને કેન્દ્ર પર દબાણ વધાર્યુ હતુ.

અશ્રદ્ધાળુ 'થોમા' - એકોકિતના સ્વરૂપમાં

આજે ગૂડ ફ્રાઈડે

- હસમુખ મેકવાન

ભારતના પ્રેષિત થોમાસ તરીકે તમે મને ઓળખો છો. હું થોમાસ અર્થાત જોડિયો. મારા સાથીદારો કોઈકોઈ વાર કટાક્ષમાં તો કોઈક વાર મઝાકમાં રઘુનાથ કે રઘવાયો કહીને બોલાવતા. તમને તશે કે કેમ મને આ ઉપનામ મળ્યું? હું વિચાર્યા વગર બોલી જતો કે કોઈ પણ બાબતમાં વણ વિચાર્યે કૂદી પડવાની મને આદત કે ખોટી ટેવ હતી.

ભારત આવવા માટેનો નશો હતો પણ શું ગુરુ આગળ નશો કેમ ભણવો? ઈસુની આજ્ઞા થતાં હું અહીં ભારત આવ્યો. ધર્મસભાએ અધિકૃત નહીં કરેલો, મેં લખેલો શુભસંદેશ 'થોમાસકૃત શુભ સંદેશ'માં આની વિસ્તૃત માહિતી મળશે.

ઈસુ ગુરુ વિશે ઘણી વાતોએ મને તેઓને જોવાની સાંભળવાની ઈચ્છા થતી. અમારા વિસ્તારમાં ઈસુ અને શિષ્યોએ ધામા નાખ્યાની વાત કાને આવતાં માથ્થી અને હું ઈસુને મળવા-માણવા પહોંચી ગયા. ઈસુએ તેમના અનુયાયીઓ થવા હાંક મારતાં જ અમે તેઓની સાથે રહી પડયા. એટલું ચોકકસ હતું કે, અમને અમારી લાયકાતના જોરે નહીં, પરંતુ કેવળ ઈસુ ગુરુની કૃપાને કારણે જ તેઓના બાર શિષ્યોમાં અમને સ્થાન મળ્યું. અમે ઈસુના બાર શિષ્યો જાણે કે ઈસ્રાએલ બાર કુળના બાર સરદારો ન હોય.

હું થોમાસ અર્થાત જોડિયો. જાણે અજાણ્યે મને મળેલ તખલ્લુસને સાર્થક કરી બતાવતો. જુઓને બેથેની ગામમાં લાજરસનો પ્રસંગ.

લાજરસ અને તેની બે બહેનો માર્થા અને મરિયમ ઈસુના અતિ પ્યારા હતા. ઈસુ જયારે બેથેની નજીક યેરૂસાલેમમાં હતા ત્યારે લાજરસના મૃત્યુના સમાચાર તેમને મળ્યા. બેથેનીમાં ઈસુના મિત્રો કરતાં ઈસુના દુશ્મનો ઝાઝા હતા. વળી ઈસુની ધરપકડ માટેની તૈયારીઓ વિશે અફવાઓએ પણ જોર પકડયું હતું. બેથેનીમાં ઈસુને જતા રોકવા લગભગ અશકય હતું. તેમણે કહ્યું, 'લાજરસનું મૃત્યુ થયું છે. સારું થયું. સારું થયું કે હું તમારી સાથે છું. આ તમારા હિતમાં છે. આથી તમારી શ્રધ્ધામાં વધારો થશે. ચાલો આપણે ત્યાં જઈએ.' ઈસુના શબ્દો પુરા થાય એ પહેલાં જ હું કૂદી પડયો અને મારાથી બોલાઈ ગયું, 'ચાલો આપણે પણ જઈએ અને એમની સાથે મરણને ભેટીએ.' ઈસુ દુશ્મનોથી ગભરાતા ન હતા. પરંતુ અમારામાં હિંમતનો અભાવ હતો. મારી અધવચ્ચે કરેલી વાત મારા સાથી શિષ્યોને મજાક લાગી હશે પરંતુ ઈસુની આંખોમાં કેવળ મારા માટે આદર નિતરતો હતો. જાણે કે તેઓની આંખો મારા ભોળપણ, મારા રઘવાયાપણાનો પક્ષ લેતી ન હોય.

સાચું કહું, ઈસુની વાતો મને કે મારા સાથી શિષ્યોને ભાગ્યે જ સમજાતી. ઈસુ અવારનવાર પાસ્ખા-પૂર્વેના દિવસોમાં કહેતાં, 'સમય પાકી ગયો છે, જાગતા રહેજો!' છેલ્લા ભોજન પહેલાં તેઓનો વર્તાવ અને વ્યવહાર સામાન્ય માણસની સમજણ બહારના હતા. 'હું પાછો આવીશ અને તમને મારી સાથે લઈ જઈશ તેથી હું જયાં હોઉં ત્યાં તમે પણ હો અને હું જયાં જાઉં છું ત્યાંનો રસ્તો તમે જાણો છો.' ઈસુની આ વાત અમને બિલકુલ સમજાતી ન હતી. મારે અધવચ્ચે જ તેઓને રોકતાં બોલવું પડેલું-તેઓ આ વાત પૂરી અમને સમજાવે અને તે પૂરી વાત સમજાવે તે પહેલાં જ રઘવાયા બનીને મેં પૂછી નાંખ્યું, 'પ્રભુ આપ કયાં જાઓ છો, તેજ અમે જાણતા નથી, પછી અમને રસ્તાની શી ખબર પડે? મારા સાથીદારોને મારો રઘવાટ ખટકતો. પણ ઈસુએ મારા રઘવાટ માટે કયારેય અણગમો દર્શાવ્યો ન હતો. મારું રઘવાયાપણું કદાચ તેઓ માટે મારી નિખાલસતા હશે.'

આખરે ઈસુને સમાજ, ધર્મ અને રાષ્ટ્ર વિરોધી આરોપો હેઠળ વેદનામય ક્રૂસના માર્ગ અને ક્રૂસ પર મૃત્યુદંડની શિક્ષા કરવામાં આવી. અમને અંધકારના વાદળો ઘેરી વળ્યાં. સૂરજમુખી સુરજ વગર જ કરમાઈ ગયા. આત્મવિશ્વાસથી મંડાતા પગલાં લથડવા લાગ્યા. જાણે કે પગ નીચેની ધરતી જ સરકી ગઈ હોય તેમ! નીડરતાની જગ્યાએ ભય અમારા દિલોદિમાગ પર ચઢી બેઠો. ઈસુ અમને છેતરી ગયા. અમારો રાજા 'ઈશ્વરના રાજય'ની વાતો કરનારો અમને છોડી ચાલ્યો ગયો. રાજા માનવાની અમારાથી ભૂલ થઈ ગઈ હોય એવું અમને લાગ્યું. સૂરજ માનેલો એ બુઝાઈ ગયો ત્યારે રોશનીની આશા જ કયાંથી હોય?

મારી બીજી ભૂલ એ થઈ કે મેં સંઘાય જીવનનો ત્યાગ કર્યો. હતાશા ડૂબેલો, અપરાધ ભાવથી પીડાતો હું સાથી શિષ્યોને છોડી આમતેમ ભટકવા લાગ્યો. દુઃખથી ભાગીને થોડી રાહત-શાંતિની શોધમાં મારી ગેરહાજરીમાં મારા સાથી શિષ્યોને થયેલાં દર્શનથી હું વંચિત રહી ગયો. કાશ! હું સંઘમાં હોત તો દુઃખના તીવ્ર અનુભવમાં સુખદ અનુભવોની યાદ પણ ભુલાઈ જાય છે. મન ઉપર હૃદય સામ્રાજય જમાવી બેસે-ત્યારે કાર્ય-કારણ શકિત ગુમાવી બેસે છે. એમ જ થયું. શિષ્યોને થયેલા ઈસુના દર્શનની વાત ન સ્વીકારવા અંગે મારુ મન હઠીલું બની ગયું.

પણ શિષ્યોમાં ઈસુના દર્શનથી આવેલ પરિવર્તન હકીકત હતી. ડરપોક શિષ્યો બહાદુર બન્યા. ગલી ગલી અને ગામડે ગામડે ઈસુના પુનરૂથાનની હિંમતપૂર્વક સાક્ષીઓ આપતાં તેઓની આંખોમાં ગજબની ચમક જોવા મળતી. તેમના ચહેરા પર આનંદ અને પરમશાંતિ પુનરૂત્થાનના અનુભવની ચાડી ખાતા હતા. હકારાત્મક અભિગમ, વલણ અને વ્યવહાર નવા જીવનનો પુરસ્કાર હતો.

પણ હજી હું અંધારામાં હતો. અંતર વેદનામય હતું. માનસમાં નકારાત્મકતા ઘર કરી ગઈ હતી. આત્મવિશ્વાસને બદલે સ્વનિંદા મને કોરી ખાતી હતી. મારે સાથી શિષ્યોના અનુભવને સાકારવો હતો કદાચ સાથી શિષ્યો કરતાં પણ વધુ તીવ્ર પુનરૂત્થાનનો અનુભવ મારે કરવો હતો એટલે જ તો હું બોલી ઉઠેલો, 'કે જયાં સુધી હું તેમના હાથે ખીલાના ચિન્હો ન જોઉં અને એ ખીલાની જગ્યાએ મારી આંગળી ન નાખું, તેમજ તેમના પડખામાં હાથ ન નાખું, ત્યાં સુધી હું કદી નહીં માનું કે ઈસુ પુનરૂત્થાન પામ્યા છે.'

તેથી જ ઈતિહાસ મને 'અંધશ્રધ્ધાળુ થોમાસ' તરીકે ઓળખે છે. હું અંધશ્રધ્ધાળુ ન હતો. શું આંખોએ જોયેલાં દેશ્યો-બાબતો વાસ્તવિકતા સ્વીકારવા પૂરતા નથી? છતાંય હું રઘવાયો-પુનરૂત્થાન પામેલા ઈસુને સ્પર્શ કરવા માંગતો હતો. તમે મને પૂછશો, 'સ્પર્શની કેમ જરૂર પડી?' યાદ છે તમને? ઈસુના સ્પર્શ માત્રથી આંધળા દેખતાં થતા હતા. મૂંગા બોલતા થતા હતા. વર્ષોથી આધિ-વ્યાધિ-ઉપાધી વાળાઓ રોગ મુકિત મેળવતા હતા. વર્ષોથી રકતસ્રાવથી પીડાતી સ્ત્રી તો ઈસુના ઝભ્ભાની કોરને માત્ર અડીને જ સાજી થઈ ગઈ હતી.

મારે પણ સાજા થવું હતું મારી અંતરની ખોવાયેલી દૃષ્ટિ પુનઃ મેળવવી હતી. સત્ય માટે વાચા મેળવવી હતી મારે અંતરનું બહેરાપણું દૂર કરવું હતું. મારી કાચી-પોચી શ્રધ્ધાને દૃઢ બનાવવી હતી. આથી જ ઈસુના સ્પર્શનો મારો આગ્રહ કે દુરાગ્રહ હતો. સાચું કહું! બહારના વિશ્વ સાથે જીવતો હું અંદરથી તો સાવ ભાંગી પડેલો હતો. મારે જીવન જોઈતું હતું. જીવન માણવું હતું. આથી જ ઈસુના સ્પર્શ માત્રથી જ મને નવું જીવન મળશે તેની ખાતરી માત્રથી મારે ઈસુને અડવું હતું. તેમને સ્પર્શ કરવો હતો.

મારે ઈસુનો સ્પર્શ કરવો હતો. મારે તેમને અડવું હતું કદાચ ઈસુ પણ મારો સ્પર્શ ઈચ્છતા હતા જેથી પુનરુત્થાન પામેલા ઈસુનું જીવન મને મળે. અમે સહુ શિષ્યો પ્રાર્થના કરવા બે